

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*તોડે કોઈને ફોડે મંદિર-મસ્જિદની સોડે છે,*
*છોડે સત્તાનો મદ, નેતાશ્રી શેરીઓમાં દોડે છે.*
*છે ઓડનોડે જ્ઞાતિ-ધર્મ-સમાજો ને રીઝવવા -*
*ભલે ને, પાંચ વર્ષે, સ્મિત સાથે, હાથ જોડે તો છે.*
*(આપણું ગૌરવ!!)*

### હાઈકુ

*વધે ગૌરવ,*
*ભલે ચાર દહાડા -*
*મતદારોનું...*

*પેટ ભરીને,*
*ભટકે છે ભિક્ષુકો -*
*'નારણ હરિ'!*

### ચિંતન

*સઃ હાનિ લભતે મન્દી યસ્તુંગં પરિનિન્દતિ ।*
*ધૂલિ ક્ષિપતિ યો ભાનું તસ્યાસ્તિ મલિનં મુખમ્ ॥*

**ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.**

**જે ઊંચા શિખરની નિંદા કરે છે તે મૂર્ખ નુકશાન પામે છે. જે સૂર્ય તરફ ધૂળ ઉડાડે છે તેનું મુખ મેલું બને છે.**

**જે વિદ્વાન છે, જ્ઞાની છે, સંત અને ચારિત્ર્યવાન છે એમને સમજ્યા ઓળખ્યા વિના એમની નિંદા-ટીકા કર્યા કરે છે એ અબૂધ-અજ્ઞાની છે. સૂરજ તરફ ધૂળ ઉડાળો તો રજકણો તમારી આંખમાં જ પડવાની છે.**

### સુવિચાર

- કર્મભૂમિ કી દુનિયા મેં શ્રમ સભી કો કરના પડતા હૈ, ભગવાન સિર્ફ લકિરેં દેતા હૈ રંગ હમેં હી ભરના પડતા હૈ - **મુંબઈ સમાચાર**
- મિત્રતાને દુહાઈ નહીં, મિત્રતા ને ધર્મ હોય છે - **રીઝવાન ગુજરાતી**
- તમારું અસ્તિત્વ અન્ય કોઈની ગેરહાજરીને આભારી હોય છે - **ઓશો**
- જવાબદાર હોવાનો ગર્વ અને જવાબદારીનો ગુણધર્મ બે'ય વિરોધાભાસી બાબત છે - **જનકલ્યાણ**
- જીવનમાં પૈસા નહિં, સંબંધ કમાજો સાહેબ, કારણ કે સ્મશાનમાં ચાર બંગળીવાળી ગાડી નહીં ચાર ખભા મુકવા આવશે - **બોધિ વૃક્ષ**
- જવાબદારી એટલે આવડત, નહિં કે કામનો બોજ - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : શીતળાનો રોગચાળો ચાલતો હોય ત્યારે આમલીનાં પાન અને હળદર પાઉડર પાણીમાં પીવાથી શીતળા નીકળવાનો ભય રહેતો નથી **(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

સંસ્થા કરતા વ્યક્તિ મહાન ન હોઈ શકે, દેશ કરતાં નેતાનું કે ધર્મ કરતાં સંતનું મહાત્માનું વધારે મહત્ત્વ ના હોઈ શકે.

પેરિસના મહાન શિલ્પી રોડ્રીને નક્કી કર્યું કે મહાન સાહિત્યકાર, ચિંતક બાલ્ઝાકનું શિલ્પ બનાવવું. ત્રણે મહિને શિલ્પ પૂરું થયું અને એના ત્રણે શિષ્યોને વારાફારતી આ શિલ્પ બનાવ્યું. દરેક શિષ્યે બાલ્ઝાકના શિલ્પ કરતા બાલ્ઝાકના હાથના ખૂબ વખાણ ખર્યા. કંઈક કારણ સર રોડ્રીનને આ પસંદ ન પડ્યું અને હથોડો લઈ શિલ્પના બેવ હાથ તોડી નાખ્યા. શિષ્યો તો અવાચક થઈ ગયા. એમણે આટલા અદ્ભૂત હાથ થોડી નાખવા પાછળનું કારણ પૂછ્યું. રોડ્રીને કહ્યું, 'એ હાથ એટલાં જીવંત હતા કે મૂર્તિના બાકીના ભાગનું મહત્ત્વ જ નહોતું રહેતું. હાથનું આમ, અસ્તિત્વ ન હોઈ શકે, તે મૂર્તિના ભાગરૂપ જ હોવા જોઈએ. નહીંતર લોકો માત્ર હાથ જોઈ રહે, આખી મૂર્તિ જુવે નહીં.'

આજે પણ પેરિસમાં બાલ્ઝાકનું એ શિલ્પ મોજુદ છે તેમાં ઓવર કોટ એવી રીતે પહેરાવેલો છે કે જામે હાથ દેખાય નહીં.


# સોશિયમ મીડિયા વાઘસવારી છે

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતની ચૂંટણીને માંડ મહિનાનો સમય બાકી રહ્યો છે છતાં રાજકીય પક્ષો એમના ઉમેદવારોની યાદી બહાર પાડવા માટે એકબીજાના મોઢા સામે જોઈ રહ્યા છે. કોંગ્રેસના 'વફાદાર' સિટીંગ એમએલએ આ મુદ્દે નિઃશંક હતા, કારણ કે રાજયસભાની ચૂંટણી વખતે અહમદ પટેલે એમના યોગક્ષેમની ખાતરી આપી દીધી હતી. જો કે એ તેંતાળીશ પૈકી બધા જ જીતી શકશે કે કેમ એ મુદ્દે તો ખુદ અહમદ પટેલને પણ ખાતરી નહીં જ હોય. 'નો રિપીટ થિયરી' કયારેક સારું પરિણામ આપી જતી હોય છે. નરેન્દ્ર મોદી અને અમિત શાહ આ થિયરી આંશિક રીતે અમલમાં મૂકશે એવું લાગી રહ્યું છે. વળી કોંગ્રેસમાં કદાચ પહેલી જ વાર જૂથબંધીનો પ્રભાવ ઓછો થયો છે. શંકરસિંહ વાઘેલા જેવા કદાવર નેતાના પક્ષત્યાગ પછી કોંગ્રેસના નેતાઓનું સંપનું 'ટેમ્પરરી' વાતાવરણ સર્જાયું છે અને રાહુલ ગાંધીના વધતા પ્રભાવ પછી જૂથોની ખેંચમતાણ કરતાં જીતી શકે એવા ઉમેદવારોને જ મેદાનમાં ઉતારવાનો અભિગમ રહેશે તેવું વરતાઈ રહ્યું છે. સામા પક્ષે મોદી-શાહની જુગલજોડી માટે ગુજરાતમાં ભાજપનું શાસન અકબંધ રહે તે અનિવાર્ય છે. જો ગુજરાતમાં પ્રતિકૂળ પરિણામો આવે તો આગામી લોકસભાની ચૂંટણીમાં એની નિર્ણાયક અસર ઊભી થશે અને વિપક્ષો કોંગ્રેસની આગેવાની હેઠળ એક થઈને 'મોદી હટાવો' કાર્યકર્મમાં સામેલ થઈ જશે એ નક્કી છે. વડાપ્રધાન મોદીને આ બાબતની પૂરેપૂરી દહેશત છે એટલે તેઓ જયાં જાય છે ત્યાં મહાત્મા ગાંધીની સાર્ધ શતાબ્દી અને છેક ૨૦૨૨ સુધીમાં દેશની સર્વાંગી પ્રગતિમાં પોતે વડાપ્રધાને હશે જ, એવું ઠસાવવા માટે તેઓ પોતાના સમર્થકો મારફત સોશિયલ મીડિયામાં નોસ્ત્રાદેમસની કહેવાતી ભવિષ્યવાણીનો પણ હવાલો અપાવતા રહે છે. ભારતમાં ૨૦૧૬થી ૨૦૨૬ સુધી એમાં પ્રતાપી મહાપુરુષનું શાસન હશે જે એને દુનિયાની સર્વોત્તમ મહાશક્તિ બનાવી દેશે, એ પ્રકારની આગાહીનો સોશિયલ મીડિયા પર ધૂમ પ્રચાર થાય છે. જો કે એ જ સોશિયલ મીડિયા મોદી અને શાહ માટે પડકાર પણ બની રહ્યું છે. જે રાહુલ ગાંધીને સોશિયલ મીડિયાએ મજાકનું પાત્ર બનાવી દીધા હતા તે જ છેલ્લા કેટલાય સમયથી એમની તરફેણ કરતું હોય અને મોદી વિરુદ્ધ એકથી એક ચડિયાતાં કટાક્ષબાણ છોડતું હોય એવો માહોલ સર્જાયો છે. મોદીને કયારેક સુભાષ બાબુ યાદ આવે છે તો કયારેક સરદાર પટેલ. આ બેઉ નેતાઓનું જ ગોત્ર કોંગ્રેસ હતું અને આઝાદીની લડાઈમાં એમણે ગાંધીજીની જ ઈચ્છાને માન આપીને બેઉએ કોંગ્રેસ પ્રમુખ પદ કે વડાપ્રધાનપદનો મોહ છોડ્યો હતો તેની વાત કયારેય કરતા નથી. એ માટે તેઓ ગાંધીજીની જગ્યાએ પંડિત નહેરુને જ બદનામ કરતા રહ્યા છે. ઈતિહાસની આંટીઘૂંટીઓમાં ઊતરવાની ફુરસદ જ કયાં હોય છે સામાન્ય નાગરિક પાસે? એને અનેકવિદ રીતે ગેરમાર્ગે દોરી શકાતી હોય છે. કોંગ્રેસના શાસનકાળનાં સાઠ વર્ષોમાં નહીં થયેલી પ્રગતિ માત્ર નરેન્દ્ર મોદીના શાસનકાળનાં ત્રણ વર્ષો દરમિયાન થઈ હોવાની અતિશયોક્તિ પણ ભલોભોળો મતદાતા ચૂપચાપ સ્વીકારી લે છે. કાળક્રમે પહોળા થયેલા જાહેર રાજમાર્ગો એ વૈશ્વિક બજાર સાથે નરસિંહરાવ કે મનમોહનસિંહ દ્વારા બદલાયેલી આર્થિક નીતિને કારણે શરુ થયેલા મૂડીવાદી ભપકાનું ક્ષેય પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી બીજા કોઈના ફાળે જવા દેવા તૈયાર નથી, છતાં હવે સોશિયલ મીડિયાના જે વાઘ પર અસવાર થઈને મોદી દિલ્હી સર કરી શક્યા હતા તે જ એમની સામે ઘૂરકિયાં કરતો લાગે છે. અલબત્ત, આથી લોકશાહી વધુ પરિપક્વ બનશે, એમાં શંકાને સ્થાન નથી.

# મૂર્ખ સાથે વિવાદ નહી

*મૂર્ખ શિષ્યોપદેશન દુષ્યસ્ત્રી મરળેન ચ ।*
*ધ્રુઅતૈઃ સમ્પ્રયોગેણ પાખંડતા ડવ્યયસી દતિ ॥*



'મૂર્ક શિષ્યને ઉપદેશ આપવામાં દુષ્ટ અને કુલ્ટા સ્ત્રીનું ભરણપોષણ કરવામાં અને દુઃખી વ્યક્તિઓનાં સંગતમાં રહેવામાં બુદ્ધિમાન માણસોને પણ કષ્ટ થાય છે.'

અહીં શિષ્ય અને પુત્ર બંનેનો સમાવેશ કરે છે મૂર્ખ, બગડેલો, ઓછું ભણેલો, ઓછી સમજવાળો, ઓછી બુદ્ધિ હોય તેવો નહિ ખરેખર મૂર્ખ માણસોના તો ઓછા પ્રશ્નો હોય છે. મૂર્ખ એટલે હઠીલો, જિદ્દી, હઠાગ્રહી આવા માણસને કંઈક કહો તો તે વાતને પકડી પાડે છે. હઠાગ્રહી એટલે ન સમજતો હોય તો પણ બધું જ જાણ છે તેવું માનનારો. આ માન્યતા દુઃખ ઊભું કરે છે.

શુગરી એવો માળો બનાવે છે કે તેના ઉપર ધોધમાર વરસાદ પડે તો પણ માળામાં પાણી ન જાય. અંદરથી સુગરી અને તેનાં ઈંડા કે બચ્ચાં સુરક્ષિત રહે. એક વખત એવો વરસાદ પડતો હતો કે માળાં પોતાના બચ્ચા સાથે સુઘરી સુરક્ષિત બેઠી હતી. માળામાંથી ડોકુ બહાર કાઢી ને તેણે જોયું કે વૃક્ષની બીજી ડાળે એક વાંદરો વરસાદમાં પલળી, ઠંડીથી ઠુઠવાતો બેઠો છે. એ જોઈ સુગરી એ વાંદરાને કહ્યું, 'ભાઈ, જો તે મારી જેમ માળો અથવા તો ઘર બનાવ્યું હોત, તો તેમાં તું આરામથી બેસી, વરસાદથી બચી શક્યો હોત' વાંદરાએ કહ્યું, : 'હે દુરાચારીણી, કાળા મોઢાવાળી, પોતાનો બહુ જ ડાહી સમજવાવાળી, મને શિખામણ આપવા વાળી તું કોણ? હું માળો કે ઘર બનાવી શક્યો નથી. પણ તારો માળો તોડી શકું છું.'

અને તેમ કહીને કુદકો મારીને સુગરીનો માળો પકડીને મચડીને તોડી નાખ્યો. દરેક માણસ આવા વાંદરા જેવા માણસોના સંબંધમાં આવે જ છે. પછી તે પત્ની હોય કે સાસુ, દીકરો હોય કે વહુ, દીકરી હોય કે જમાઈ હોય કે વેવાઈ, પૌત્ર હોય કે પૌત્રી. આવા હઠીલા માણસને ઉપદેશ આપનારને દુઃખ જ થાય છે. માટે તેને ઉપદેશ આપવો ન સારો.



**રંગ-ઉમંગ**

કાનન ઓઝા

જે માણસમાં જરા પણ જ્ઞાન નથી તેને કોઈ પણ વાત સહેલાઈથી સમજાવી શકાય છે. અને જે માણસ બધુ જાણે છે, દક્ષ છે, ચતુર છે. તેને પણ કોઈ વાત સરળતાથી સમજાવી શકાય છે.

હઠીલા, દુષ્ટના સંગે સુખ મળે નહિ. સ્ત્રી સારો પતિ મળે કે પુરુષ ને સારી પત્ની મળે તો બીજી સગવડો ઓછી હોય, આવક ઓછી હોય, ઘર સાદુ હોય તો પણ તેઓ સુખ ભોઘવી શકશે. પરંતુ જો સ્ત્રીને હઠીલો કે દુષ્ટ પતિ મળે કે પુરુષને હઠિલી - દુષ્ટ પત્ની મળે તો તેઓ પાસે અઢળક નાણું, મબલખ રાચ-રચીલું, સગવળતાવાળું, વિશાળ મકાન અને નોકર-ચાકર હોય તો પણ તેમણે દુઃખ, દુઃખને દુઃખ જ મળે. સુખ તો ન મળે.

# નારગોલ પર્યટન સ્થળ કયા જિલ્લામાં આવેલ છે ?

## ગુજરાતની ભૂગોળ

૧ કયુ શહેર પુસ્તકોની નગરી કહેવાય છે ?
(અ) વડોદરા (બ) સુરત
(ક) અમદાવાદ **(ડ) નવસારી**

૨ પીરમબેટ કયા જિલ્લાના દરિયા કિનારે આવેલ છે?
**(અ) ભાવનગર** (બ) જૂનાગઢ
(ક) પોરબંદર (ડ) જામનગર

૩ દિવાસળી બનાવવાનું કારખાનું કયાં આવેલ છે?
(અ) ગણદેવી (બ) સુરત
(ક) આહવા (ડાંગ) **(ડ) ચોરવાડ, રાજપીંપળા**

૪ 'ગુજરાત ઓક્સિજન લીમીટેડ' ઓક્સીજન બનાવતી આ કંપની કયાં આવેલી છે ?
(અ) હાલોલ (પંચમહાલ) **(બ) લિંબડી (સુરેન્દ્રનગર)**
(ક) આજવા, વડોદરા (ડ) વાપી

૫ સાબરકાંઠાનું આરસોડીયા કયા ક્ષેત્ર માટે જાણીતું છે ?
**(અ) ચિનાઈ માટી** (બ) વર્મી કમ્પોટ
(ક) દૂધ ઉત્પાદન (ડ) બાગાયતી ખેતી

૬ સૌરાષ્ટ્રની ઓઈલ મીલ માલિકોનું સંગઠન કયા નામે ઓળખાય છે ?
(અ) સુમા **(બ) સોમા**
(ક) સીમા (ડ) ત્રણેમાંથી એક પણ નહિં

૭ ધોલેરા પાસે ખંભાતના અખાતમાં નીચેનામાંથી કઈ નદી મળે છે ?
(અ) નર્મદા (બ) સાબરમતી
**(ક) સુકભાદર** (ડ) મેશ્વો

૮ બરડા ડુંગરનું સૌથી ઊંચું શિખર કયું છે?
**(અ) આભપરા** (બ) માધોપરા
(ક) વળદીયા (ડ) ધાર

૯ સિરક્રીક વિસ્તાર કયા જિલ્લામાં આવેલ છે ?
(અ) પાટણ **(બ) કચ્છ**
(ક) જામનગર (ડ) બનાસકાંઠા

૧૦ નારગોલ પર્યટન સ્થળ કયા જિલ્લામાં આવેલ છે ?
**(અ) વલસાડ** (બ) નવસારી
(ક) ડાંગ (ડ) સુરત

૧૧ ભારત-પાકિસ્તાન યુદ્ધ પછી ગુજરાતના કયા બંદરને લશ્કરી પ્રવૃત્તિથી સજ્જ કરવામાં આવેલ છે ?
(અ) કંડલા **(બ) ઓખા**
(ક) માંગરોળ (ડ) વેરાવળ

૧૨ નેશનલ મરીન પાર્ક ગુજરાતના કયા જિલ્લાના કિનારે આવેલ છે?
(અ) પોરબંદર (બ) કચ્છ
(ક) જામનગર **(ડ) જામનગર અને દેવભૂમિ દ્વારકા**

૧૩ ગુજરાતમાં સૌ પ્રથમ ખાંડનું કારખાનું કયાં સ્થાપવામાં આવ્યું હતું?
(અ) ગણદેવી **(બ) બારડોલી**
(ક) આમરોલી (ડ) વાપી

૧૪ રમજીત ઈન્સ્ટીટયુટ ઑફ પોલી રેડિયો થેરાપી કયાં આવેલ છે ?
(અ) ભાવનગર (બ) રાજકોટ
**(ક) જામનગર** (ડ) અમદાવાદ

૧૫ ગુજરાતનું કયું શહેર અત્તરનગરી તરીકે ઓળખાય છે ?
**(અ) પાલનપુર** (બ) સિદ્ધપુર
(ક) પાટણ (ડ) વિસનગર

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ**

- **૧ નવેમ્બર ૧૪૮૩ : માર્ટીન લ્યૂથર :** જર્મનીના વતની. પ્રથમ જર્મન સુધારક. અનુસ્થાનકની પદવી લીધી. સાધુત્વ જીવન જીવ્યા. ભીતીથી નહીં પણ પ્રીતિથી ઈશ્વર પ્રાપ્ત થાય છે તેવું દઢ માનતા.
- **૧૧ નવેમ્બર : ૧૮૮૮ : મૌલાના અબ્દુલ કલામ આઝાદ :** મુસ્લિમોના પવિત્ર યાત્રાધામ મક્કામાં જન્મ, કોલકાત્તામાં શિક્ષણ લીધું. તત્ત્વજ્ઞાન અને ગણિતના અભ્યાસુ. સાત ભાષાઓ પર પ્રભુત્વ હતું. ૧૯૨૦માં કોંગ્રેસમાં જોડાયા. ૧૮૫૮માં નિધન થયું. તેમના જન્મ દિવસને નેશનલ એજ્યુકેશન ડે તરીકે ઉજવવામાં આવે છે.
- **૧૨ નવેમ્બર ૧૮૯૬ : સલીમ અલી :** ભારતના પ્રથમ ગુજરાતી પક્ષીવિદ મુંબઈમાં જન્મ. મૂળ વતન ખંભાત. પક્ષીઓની જાળવણી, માવજત અને સંવર્ધનમાં સક્રિય કામગીરી કરી. ઉદારમતવાદી, મધુરભાષી, અને નિર્મળ પ્રકૃતિના માનવીનું ૧૯૮૭માં અવસાન થયું.
- **૧૩ નવેમ્બર ૧૧૮૩ : ભાસ્કરાચાર્ય :** ભારતના પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી તથા ખગોળશાસ્ત્રી. તેમણે લખેલ પ્રખ્યાત 'લીલાવતી' ગ્રંથ જે છંદોયુક્ત અને પધ્યાત્મક છે. જેમાં સારણી, સંખ્યા પ્રણાલી, પરિક્રમો, કકચ, છાયા, સમીકરણ, અપૂર્ણાંક અને શૂન્યની છણાવટ કરેલી છે. ગ્રહો અને નક્ષત્રોનું અધ્યયન કરનાર ખગોળ શાસ્ત્રી.
- **૧૪ નવેમ્બર ૧૮૮૯ : પંડિત જવાહરલાલ નહેરુ :** સ્વતંત્ર સેનાની. અલ્હાબાદ ખાતે જન્મ. વિદેશમાં બેરીસ્ટરની ઉપાધિ લઈ ભારત આવ્યા. અસહકારની ચળવળમાં સક્રિય થયા. ભારતના પ્રથમ વડાપ્રધાન. તેમનો જન્મ 'બાલદિન તરીકે ઉજવાય છે.'
- **૧૫ નવેમ્બર ૧૮૮૫ : ગિજુભાઈ બધેકા :** ચિત્તલ મુકામે જન્મ. વકીલ થયા. ભાવનગરના દક્ષિણામૂર્તિમાં એક બાલ અધ્યાયન મંદિર સ્થાપ્યું. બાલ સાહિત્યની તેમની સેવાઓ બદલ 'રણજિતરામ સુવર્ણ ચંદ્રક' એનાયત થયો. દલો તરવાડી, ટીડો જોષી, ટાઢુ ટબુકલું જેવા નાટકો લોકપ્રિય બન્યા. ૧૯૩૯માં અવસાન પામ્યા.
- **૧૬ નવેમ્બર ૧૯૧૬ : શિવકુમાર જોશી :** ગુજરાતના નાટ્યકાર અને નવલકથાકાર, કૉલેજ સુધીનું શિક્ષણ અમદાવાદમાં લઈ કલકત્તામાં કાપડના વ્યવસાયમાં ઝંપલાવ્યું. ૨૮ નવલકથાઓ ૨૫૦ ટૂંકી વાર્તાઓનું સર્જન કર્યું. 'રણજિતરામ સુવર્ણચંદ્રક', 'કુમારચંદ્રક', 'નર્મદચંદ્રક' થી નવાજાયા. ૧૯૮૮માં અવસાન થયું.

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં કયા સાહિત્યકાર ગુજરાત સાહિત્ય પરિષદના અધ્યક્ષ તરીકે ચૂંટાયા ?**

**જવાબ : 'સિતાંશુ યશશ્ચંદ્ર**



**ખજાનો**

અનિલ પટેલ

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) મહેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ
(૨) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૩) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો જુ. સાયન્સ કૉલેજ
(૪) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૫) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭
(૬) નટુભાઈ દરજી : પેથાપુર


### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ કયું મહત્ત્વનું ખાતું સંભાળે છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# કારતકની પૂનમે જ્ઞાનનો સૂર્યોદય



ઈ.સ. ૧૦૮૮માં કારતક માસની પૂનમે રાત્રે જાણે કે જ્ઞાનનો સૂર્યોદય થયો. ધંધુકામાં મોઢ વણિક દંપત્તિ ચાચિંગ શેઠ અને પાહિણીદેવીને ઘરે પુત્ર જન્મ થયો. ચંગદેવ એનું નામ પડ્યું.

ચંગદેવ પાંચ વર્ષનો હતો. માતાની સાથે જૈન ઉપાશ્રયમાં ગયો. જૈન આચાર્યની વ્યાસપીસ ઉપર બેસી ગયો અને વ્યાખઅયાન આપતો હોય, એવી મુદ્રા ધારણ કરી લીધી. એ વખતે જૈન આચાર્ય શ્રી દેવચંદ્રસૂરિ હાજર હતા. સામુદ્રિકશાસ્ત્રને આધારે એણે જાણી લીધું કે આ યુગપ્રવર્તક મહાપુરુષ થવાનો છે.

એણે પાહિણીદેવી પાસે પ્રસ્તાવ મૂક્યો અને માતાએ એને સોંપી દીધો. આચાર્યને ચંગદેવને ખંભાતમાં પાંચ વર્ષની ઉંમરે દીક્ષા આપી એનું નામ સોમચંદ્ર રાખવામાં આવ્યું. બાળમુનિની અસાધારણ તેજસ્વી પ્રતિભા હતી. જ્ઞાનમાં અને તપમાં એ અગ્રેસર હતો. આથી માત્ર ૨૧ વર્ષની ઉંમરે એને હવે આચાર્ય પદ મળ્યું. હવે તે આચાર્ય હેમચંદ્રના નામેથી પ્રસિદ્ધ થવા લાગ્યો.



**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા

ગૂર્જરેશ્વર મહારાજ સિદ્ધરાજ જયસિંહના સંપર્કમાં હેમચંદ્રાચાર્ય પ્રથમવાર આવ્યા ત્યારે એમની ઉંમર ૪૬ વર્ષની સિદ્ધરાજ માળવાનો વિજય મેળવીને પાટણ પાછઆ આવ્યા, ત્યારે એમને આચાર્યા મળ્યા. સિદ્ધરાજ એમનાથી ખૂબ પ્રભાવિત હતા. માળવાથી તે ભોજરાજે લખેલો વ્યાકરણનો ગ્રંથ લેતા આવેલા. એમણે આચાર્યને આનાથી પણ વધુ સારો ગ્રંથ રચવા વિનંતી કરી. હેમચંદ્રે ગ્રંથ રચ્યો. એને નામ આપ્યું - 'સિદ્ધહેમશબ્દાનુશાસન' ગ્રંથ રચ્યો. એને નામ આપ્યું - 'સિદ્ધહેમશબ્દાનુંશાસન.'

સિદ્ધરાજ પ્રસન્ન થયા. એણે પાટણના રાજમાર્ગો પર આ ગ્રંથની શોભાયાત્રા કાઢી એના પ્રિય હાથીનું નામ શ્રીકર હતું. આ હાથી ઉપર સોનાની પાલખીમાં ગ્રંથ મૂક્યો. આ શોભાયાત્રામાં સિદ્ધરાજ અને હેમચંદ્ર હાથીની આગળ ચાલતા જતા હતા.

બંનેએ સાથે સોમનાથની યાત્રા કરી. અભિષેક સમયે હેમચંદ્રાચાર્ય સ્વરચિત મહાદેવસ્તોત્ર બોલતા હતા.

સિદ્ધરાજના અનુગામી કુમારપાળ સાથે પણ આચાર્યને સુમેળભર્યા સંબંધો હતા. એણે પ્રજાકીય સુધારાઓ કરાવ્યા; તેમાં બે મુખ્ય હતા - અમારિઘોષણા - હિંસા સદંતર બંધ. અપુત્રિકાધનનો રિવાજ બંધ. નગરજન નિઃસંતાન ગૂજરી જાય તો એની સંપત્તિ રાજય પડાવી લે. આ કુરિવાજ બંધ કરાવ્યો. હેમચંદ્રરાજ પાસે સોમનાથનો યાત્રાવેરો નાબૂદ કરાવ્યો અને કુમારપાળ પાસે સુધારાઓ કરાવ્યા. રાજયના જાહેર જળાશયો ઉપર કાપડના જાડા ગરણા મૂકાવ્યા. લોકો પાણીને ગાળીને વાપરે એવો આશય હતો.

પોતાના આશ્રયદાતા બંને રાજાઓ પાસે લોકસેવાનાં નિર્ણયો તો લેવરાવે; સાથોસાથ સાહિત્યસર્જન પણ વિપુલ પ્રમાણમાં ચાલુ હોય. એમના ઉપલબ્ધ ગ્રંથો ૩૦ છે. તેમાં ૦, ૦૪, ૬૫૬ (બે લાખ, ચાર હજાર, છસ્સો છપ્પન) શ્લોક છે.

એમણે સમાજજીવનની સાત કુટેવો સામે રાજાજ્ઞાથી નિષેધ જાહેર કરાવ્યો. જુગાર, માંસ, દારૂ, વેશ્યાગમન, શિકાર, ચોરી અને વ્યભિચાર.

એમનો પોતાનો જીવનમંત્ર હતો - જીવનની કોઈ પણ ક્ષણ વ્યર્થ જવા ન દેવાય.

ગુજરાતની અસ્મિતાના આ જયોર્તિધર કલિકાલ-સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્ર ૮૪ વર્ષની વયે ઈ.સ. ૧૧૭૨માં કાળધર્મ પામ્યા.